જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૨/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૭૨/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.30/૧૧/૨૦૨૦ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૮૮૨ | 3 | ૧૦૮૮૫ | ૧૭૦૧૬ | 3 | ૧૭૦૧૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૪૬૨ | ૭ | ૪૪૬૯ | ૫૯૮૨ | ૭ | ૫૯૮૯ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | 0 | ૫૫ | ૨૩૪ | 0 | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૬૭૬૧ | ૧૧૪ | ૧૬૮૭૫ | ૧૭૬૯૬ | ૧૧૬ | ૧૭૮૧૨ |
| | કુલ | ૩૨૧૬૦ | ૧૨૪ | ૩૨૨૮૪ | ૪૦૯૨૮ | ૧૨૬ | ૪૧૦૫૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૫ | ૧૧,૧૬,૯૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૬૩ | ૧૩,૬૩,૦૦૦/- |

# નાસતા ફરતો કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ઓબ્ઝર્વેશન હોમ ખાતે મોકલ્યા અંગેની વિગત

વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :

## તા.૩૦/૧૧/૨૦૨૦ કાયદાના સંઘર્ષમા આવેલ નાસતા ફરતા કિશોરને **ઓબ્ઝર્વેશન** હોમ ખાતે મોકલી આપતી વસ્ત્રાપુર પોલીસ

મ્હે.પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેન્દ્ર અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી,ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, “એ” ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ* નાઓએ અમદાવાદ શહેરમા નાસ્તા ફરતા ઇસમોને શોધી કાઢવા જરુરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને *વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એમ.સરોદે સાહેબ* ના માર્ગદર્શન હેઠળ તા.૩૦/૧૧/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે ના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એમ.બી.જાડેજા સાહેબનાઓ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડના *મ.સ.ઇ. જહાંગીરખાન ઇસ્માઇલખાન બ.નં.૭૭૯૬ તથા અ.હે.કો. રામચંદ્ર શાંતારામ બ.નં.૮૮૨૭ તથા અ.લો.ર. વિનોદકુમાર દલપતભાઇ બ.નં.૧૩૧૪* નાઓની સયુક્ત ખાનગી બાતમી આધારે વસ્ત્રાપુર પો.સ્ટે. પાર્ટ એ- ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૦૧૧૮૪/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (એન) તથા પોક્સો એક્ટ કલમ ૩(એ), ૪, ૫ (એલ), ૬, ૧૧ (vi), ૧૨ મુજબ ના ગુન્હામાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ, કમ પ્લેસ ઓફ સેફ્ટી હોમ, મહેસાણા ખાતે રાખેલ હોય. અને ત્યાંથી તા.૩૦/૦૯/૨૦૨૦ ના રોજ સારવાર અર્થે સિવીલ હોસ્પીટલ મહેસાણા ખાતે પોલીસ જાપ્તામાંથી નાશી ગયેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તપાસ દરમ્યાન મળી આવતા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરનો COVID-19 નો રીપોર્ટ કરાવી અધિકક્ષક શ્રી ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ, કમ પ્લેસ ઓફ સેફ્ટીહોમ, મહેસાણા ખાતે સોંપી વસ્ત્રાપુર પોલીસે પ્રશંસનિય કામગીરી કરેલ છે.

### કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરનો ગુન્હાહીત ઇતિહાસ

(૧)વસ્ત્રાપુર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ એ-૧૧૧૯૧૦૨૦૨૦૦૨૪૦/૨૦૨૦ IPC ક.૩૭૯ આ કામે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરે આ અગાઉ પણ વસ્ત્રાપુર પો.સ્ટે વિસ્તારમા તથા અન્ય પો.સ્ટે. વિસ્તારમાં વાહન ચોરીના ગુન્હાઓ કરેલ છે.

### કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:

પો.સ.ઇ.શ્રી આર.એમ.સરોદે સાહેબ તથા પો.સબ.ઇન્સ. એમ.બી.જાડેજા સાહેબ તથા મ.સ.ઇ. જહાંગીરખાન ઇસ્માઇલ ખાન તથા અ.હે.કો. રામચંદ્ર શાંતારામ તથા અ.લો.ર. વિનોદભાઇ દલપતભાઇ

# પાસા અટકાયતીની વિગત

રામોલ પોલીસ સ્ટેશન :

## મિલ્કત સબંધી આરોપીની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ મિલ્કત સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૧૨૨૮/૨૦૨૦ તા.૨૯/૧૧/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી પ્રિયંક ઉર્ફે પોટીયો સ/ઓ ઇશ્વરભાઇ પ્રજાપતિ ઉ.વ.૩૫ ધંધો.મજુરી રહે.ડી/૧૭૩ લાભાર્થ સોસાયટી આશારામ સોસાયટીની સામે ઠક્કરબાપાનગર અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૩૦/૧૧/૨૦૨૦ ના ક.૧૭/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે.



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૦૪ લીટર દેશી દારૂ અને ૦૬ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૫/૨૦૨૦**

**વાડજઃ** ભાર્ગવભાઇ અશ્વિનભાઇ ઠાકર (ઉ.વ.૩૭) (રહે. શ્રીનાથ એપાર્ટમેન્ટ અખબારનગર પાસે નવા વાડજ) એ બેકારીથી કંટાળી તા.૩૦/૧૧/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગે અખબારનગર પેટ્રોલપંપ સામે શિવશક્તિ એપાર્ટમેન્ટ બ્લોક નંબર ૨૮/૩૩૫ ખાતેના મકાનમાં પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

**ચાંદખેડાઃ** મમતા વા/ઓ કૃણાલ માહોર (ઉ.વ.૨૬) (રહે. શિલ્પા એન્ક્લેવ જનતાનગર પાછળ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૧/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના પાચમાં માળે રહેણાંકની ગેલેરીમાંથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

**બાપુનગરઃ** બાપુનગર બીજો માળ ત્રિમુર્તિ કોમ્પ્લેક્ષ પાછળ ઇન્ડીયા કોલોની પટેલ બ્રિકસ એમ્બ્રોડરીના કારખાનામાં કામ કરતા અને ત્યા જ રહેતા રાહુલભાઇ વિનોદભાઇ મકવાણા (ઉ.વ.૨૭) (મુળ વતન-મેળોજ રામાપીર મંદિર પાસે તા.સિધ્ધપુર જી.પાટણ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૪૫ વાગ્યા પહેલા કારખાનામાં પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

**ખોખરાઃ** સુનીલ નરેન્દ્રભાઇ પરમાર (ઉ.વ.૨૫) (રહે. હરીજનવાસ મ્યુનિસિપલ સ્કુલ સામે ખોખરા સર્કલ પાસે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૦ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિપુલગીરી ભાનુગીરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી